ઈરાન વિરુદ્ધ અમેરિકા, ઇઝરાયલ યુદ્ધને લીધે બંધ પડેલી

એર ઇન્ડિયા એક્સપ્રેસની સુરત-દુબઇ ફ્લાઇટ ફરી શરૂ થશે

1-2 મેના રોજ સ્વાર્થી વાયા દિલ્હી દુબઇ અને 3 મેથી સુરતથી દુબઇ ડાયરેક્ટ ફ્લાઇટ શરૂ થશે

જો કે, વધેલા ભાડાથી મુસાફરોમાં અસંતોષ

સુરતઃ અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન સામે ચાલતા યુદ્ધના પ્રભાવને કારણે આંતરરાષ્ટ્રીય ઉડાનોમાં આવેલા વિક્ષેપ બાદ હવે સુરતના હવાઈ મુસાફરો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા બંધ રાખવામાં આવેલી સુરત-દુબઇ ફ્લાઇટ ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એરલાઈને શરૂ કરેલા બુકિંગ મુજબ 1 અને 2 મેના રોજ સુરતથી દુબઇ જવા માટેની ફ્લાઇટ દિલ્હી વાયા ચલાવવામાં આવશે. એટલે કે, મુસાફરોને પહેલા દિલ્હી જવું પડશે અને ત્યાંથી તેઓ દુબઇ માટેની ફ્લાઇટ પકડી શકશે. આ વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરવામાં આવી છે જેથી મુસાફરોને ફરી સેવા ઉપલબ્ધ બની શકે.

જોકે, 3 મે 2026થી એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરતથી દુબઇ માટે સીધી (ડાયરેક્ટ) ફ્લાઇટ શરૂ કરવામાં આવશે. આ નિર્ણયને કારણે ખાસ કરીને સુરત અને દક્ષિણ ગુજરાતના એનઆરઆઈ, વેપારીઓ અને કામદારોને મોટો ફાયદો થવાનો છે.

સુરતથી દુબઇ રૂટ પર અત્યારે એર ઇન્ડિયા એક્સપ્રેસ અને ઇન્ડિગો ઇન્ટરનેશનલ ફ્લાઇટ ઓપરેટ કરે છે. આ રૂટ પર નાણાકીય વર્ષ 2023/24 દરમિયાન 17,989 પેસેન્જર, 2024/25 માં 96,674 પેસેન્જર અને 2025/26 માં 79,411 પેસેન્જર મળ્યાં હતા.

અહીં નોંધનીય છે કે, એર ઇન્ડિયા એક્સપ્રેસે 28 માર્ચથી સુરત-શારજાહ ફ્લાઇટ અચાનક બંધ કરી દીધી હતી. જેના કારણે મુસાફરોને વિકલ્પ તરીકે દુબઇ ફ્લાઇટ તરફ વળવું પડ્યું હતું. આ પરિસ્થિતિનો સીધો અસર ભાડા પર પડ્યો છે.

મુસાફરોના જણાવ્યા મુજબ, સુરત-દુબઇ ફ્લાઇટના ભાડા 23,400 થી 27,500 રૂપિયા સુધી પહોંચી ગયા છે, જે યુદ્ધ પહેલા કરતા નોંધપાત્ર રીતે વધારે છે. વધેલા ભાડા કારણે ખાસ કરીને મજૂર વર્ગ અને નાના વેપારીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

સુરત - શારજાહ - સુરત ફ્લાઇટને નાણાકીય વર્ષ 2025 / 26 માં મહિને 3242 લેખે 19% પેસેન્જર લોડ સાથે કુલ 29176 પેસેન્જર મળ્યાં હતાં. એવી જ રીતે સુરત - બેંગકોક - સુરત ફ્લાઇટને નાણાકીય વર્ષ 2024/25 માં વર્ષના અધ વચ્ચે ફ્લાઇટ શરૂ થઈ ત્યારે 13,611પેસેન્જર મળ્યાં હતાં. અને 2025/26 મહીને 5,179 પેસેન્જર લેખે 30% પેસેન્જર લોડ સાથે કુલ 46,612 પેસેન્જર મળ્યાં હતાં. એરલાઈન્સ એ આ આંકડાઓને નોન પ્રોફિટ ગણાવી 1 જુલાઈથી બંધ કરવાનો નિર્ણય લીધો હોય એમ લાગે છે.

જોકે સૂત્રો જણાવે છે કે, સુરત બેંગકોક રૂટ પર સિઝનલ પેસેન્જર મળતાં હોવાથી હવે આ ફ્લાઇટ ઓક્ટોબર 2026 માં દિવાળી વેકેશન પહેલા શરૂ થઈ શકે છે.એરલાઈનની સ્ટ્રેટેજી જે રૂટ પર સિઝનલ પેસેન્જર મળતાં હોય ત્યાં સિઝન પૂરતી જ ફ્લાઇટ રાખવાની છે. સ્થાનિક પ્રવાસન એજન્ટોના મતે, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને ફ્લાઇટોની મર્યાદિત ઉપલબ્ધતા કારણે ભાડામાં વધારો થયો છે. તેમ છતાં, મુસાફરોને આશા છે કે પરિસ્થિતિ સામાન્ય બનતા ટિકિટના દરોમાં ઘટાડો થશે.

આ રીતે, યુદ્ધના કારણે ઉભી થયેલી મુશ્કેલીઓ વચ્ચે હવે સુરત-દુબઇ ફ્લાઇટ ફરી શરૂ થવાના સમાચારથી મુસાફરોને થોડી રાહત મળી છે, પરંતુ વધેલા ભાડા હજુ પણ ચિંતાનો વિષય બની રહ્યા છે.

નાણાકીય 2025/26 માં સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટથી મળેલા પેસેન્જર

ફ્લાઇટ	મળેલા કુલ પેસેન્જર	ટકા
સુરતથી દુબઇ	79,411	51%
સુરતથી શારજાહ	29,176	19%
સુરતથી બેંગકોક	46,612	30%

40,663 ઉમેદવારો 12મીએ 257 કેન્દ્રો પર TAT આપશે

ચાર ઝોનમાં આયોજન, કુલ 2054 બ્લોકમાં પરીક્ષા - નાનપુરા અને કતારગામ ખાતે ઝોનલ વ્યવસ્થા

સુરતઃ સુરત શહેરમાં 12 એપ્રિલ 2026ના રોજ TAT (HS) પરીક્ષા યોજવામાં આવી છે જેને સારી રીતે પાર પાડવા ચાર ઝોન ઊભા કરવામાં આવ્યા છે.

ઝોન મુજબ બ્લોકની સંખ્યા પર નજર કરીએ તો ઝોન-1માં 499, ઝોન-2માં 504, ઝોન-3માં 488 અને ઝોન-4માં સૌથી વધુ 563 બ્લોક ફાળવવામાં આવ્યા છે. આ પ્રમાણે શહેરમાં કુલ 2054 બ્લોકમાં પરીક્ષા લેવામાં આવશે, જે પરીક્ષાના વ્યાપક આયોજનને દર્શાવે છે. પરીક્ષાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. સુરતમાં કુલ 40,663 ઉમેદવારો પરીક્ષા આપવા જઈ રહ્યા છે. તેમાં ગુજરાતી માધ્યમના 39,558, અંગ્રેજી માધ્યમના 954 અને હિન્દી માધ્યમના 151 ઉમેદવારોનો સમાવેશ થાય છે. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ હોવાથી પરીક્ષા આયોજનમાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

પ્રશાસન દ્વારા પરીક્ષા દરમિયાન શાંતિપૂર્ણ અને પારદર્શક વાતાવરણ જળવાઈ રહે તે માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. સાથે જ ટ્રાફિક, સુરક્ષા અને માર્ગદર્શન માટે પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે જેથી પરીક્ષાર્થીઓ સમયસર કેન્દ્ર પર પહોંચી શકે.

ઝોન મુજબ વ્યવસ્થા

ઝોન-1નું પરીક્ષા સ્થળ T&TV, નાનપુરા

ઝોન-2 ગુરુકુળ પરીક્ષાનું સ્થળ કાંસાનગર

ઝોન-3 ગુરુકુળ પરીક્ષાનું સ્થળ કાંસાનગર

ઝોન-4 પરીક્ષાનું સ્થળ T&TV, નાનપુરા

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમદાવાદમાં બ્લોક

13મી એપ્રિલે ગુજરાત ક્વિન વડોદરા સુધી જ દોડાવાશે

શતાબ્દી મુંબઇથી સવા કલાક મોડી ઉપડશે

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં વધારો અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાના હેતુસર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગેરતપુર-અમદાવાદ ખંડ પર મહત્વપૂર્ણ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી અંતર્ગત તા. 13 એપ્રિલ 2026ના રોજ સવારે 10:15 થી બપોરે 13:45 સુધી (3 કલાક 30 મિનિટ) ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. જેના કારણે અનેક ટ્રેનોના સંચાલન પર અસર પડશે. ટ્રેન નં. 19033 વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન વડોદરા-અમદાવાદ વચ્ચે 13 એપ્રિલે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નં. 12009 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલથી 1 કલાક 15 મિનિટ મોડી પ્રસ્થાન કરશે.

આ ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી

» મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ વટવા સ્ટેશન પર સમાપ્ત કરવામાં આવશે. વટવા-ગાંધીનગર કેપિટલ વચ્ચે સેવા રદ રહેશે. » ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ વટવાથી શરૂ થશે અને ગાંધીનગર કેપિટલ-વટવા વચ્ચે રદ રહેશે.

આ ચાર ટ્રેન રદ કરવામાં આવી

તારીખ	ટ્રેન
12 એપ્રિલ	વડોદરા-જામનગર ઇન્ટરસિટી
13 એપ્રિલ	વટવા-વડોદરા મેમુ
13 એપ્રિલ	વડોદરા-વટવા મેમુ
13 એપ્રિલ	જામનગર-વડોદરા ઇન્ટરસિટી

લાંબા અંતરની આ ટ્રેનો મોડી દોડશે

» આસનસોલ-અમદાવાદ એક્સપ્રેસ વડોદરા મંડળમાં 2 કલાક 10 મિનિટ વિલંબિત રહેશે. » હાવડા-અમદાવાદ એક્સપ્રેસ પણ 2 કલાક 10 મિનિટ માટે વિલંબિત રહેશે. » શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-જામનગર એક્સપ્રેસ 1 કલાક 45 મિનિટ માટે વિલંબિત રહેશે.

બળાત્કાર કેસમાં આરોપીને આજીવન કેદ

દોઢ વર્ષથી સંપર્કમાં આરોપીએ ગાર્ડનમાં પણ બળાત્કાર ગુજાર્યો હતો

સુરતઃ ૧૫ વર્ષીય કિશોરીને લગ્નનો વાયદો કરી ગાર્ડનમાં બળાત્કાર ગુજારી ફરિયાદીનાં વાલીપણાંમાંથી ભગાડી બિહાર લઈ જઈ અવારનવાર બળાત્કાર ગુજારનાર આરોપીને પોકસો કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. પુણા પોલીસ સ્ટેશને નોંધાયેલી આ કેસની હકીકત મુજબ બિહાર ચંપારણનો આરોપી જબીઉલ્લાહ આલમ અફાકહુશેન આલમ ફરિયાદીની દિકરી સાથે દોઢ વર્ષથી સંપર્કમાં હતો અને ફરિયાદીના ઘરની પાસેનાં સુરત મહાનગરપાલિકાના ગાર્ડન પાસે અવારનવાર મળતો અને લગ્ન કરવાની વાતો કરી ગાર્ડનમાં સાંજના સમયે જબરજસ્તી શરીર સંબંધ બાંધ્યો હતો. તેમજ આરોપીએ વતનમાં જઇને લગ્ન કરવાનું જણાવી ભોગ બનનારને તા.૨૧-૫-૨૦૨૫નાં રોજ ભગાડી અપહરણ કરી સુરતથી ટ્રેન મારફતે વાપી લઈ ગયો હતો. ત્યાંથી ટ્રેન મારફતે બિહાર ખાતે મામાના ઘરે રાખી, તેણી સાથે અવારનવાર જબરજસ્તીથી શારીરિક સંબંધ બાંધી, ગુનો કર્યો હતો.

આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ ઉમેશ પાટીલે દલીલો કરી હતી. ફરિયાદ પક્ષ ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં આરોપી જબીઉલ્લાહ આલમ અફાકહુશેન આલમને સ્પેશિયલ પોકસો કોર્ટે તકશીરવાર ઠેરવી આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

સચીનમાં હાથફેરો કરનારને ભેસ્તાન પોલીસે ઝડપી લીધો

સુરતઃભેસ્તાન પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી સચીન પોલીસ મથકમાં નોંધાયેલ ઘરફોડ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. પોલીસે ઉન ગામ ચાર રસ્તા પાસેથી એક રીઢા તસ્કરને ઝડપી પાડી તેની પાસેથી ચોરીનું બાઈક અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 78,000/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે પકડેલા આરોપીની ઓળખ યુસુફ યાકુબ શેખ (ઉ.વ. 21, રહે. વાડી ફળિયું, લાજપોર ગામ, સચીન) તરીકે થઈ હતી. આરોપીએ કબૂલાત કરી હતી કે, તેણે ગત તા. 08/04/2026 ના રોજ વહેલી સવારે આશરે 4:00 વાગ્યાના સુમારે સચીનની પાકિઝા સોસાયટી માં એક ઘરને નિશાન બનાવ્યું હતું અને ત્યાંથી બાઈક તથા મોબાઈલની ચોરી કરી હતી.

ઘસારાને કારણે થતી તકલીફોનું સચોટ નિવારણ એટલે ટેબ ટ્રીટમેન્ટ્સ ક્લિનિક

સુરતઃ છેલ્લા 36 વર્ષથી પુનામાં, 26 વર્ષથી નાગપુરમાં અને છેલ્લા 25 વર્ષથી સુરતમાં નાનપુરા, જલનિધી કોમ્પ્લેક્ષ ખાતે સપ્તાહના તમામ દિવસ સવારે 10થી રાત્રે 7 સુધી કાર્યરત ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક્સ હાડકા-સાંધા-મણકા-સ્નાયુઓના ઘસારાને કારણે દુઃખાવા, સોજા તથા જકડાહટથી થતી અનેકવિધ તકલીફોની સફળતાપૂર્વક સંપૂર્ણ સારવાર કરી રહ્યું છે. જે ડૉ.રૂસ્તમજી જીનવાલા દ્વારા સ્થાપિત પારસીની કંપની છે.

ટેબમાં સતત નવા પરિક્ષણો કરતાં રહીને, લાંબા ગાળાના સંશોધન પછી વિકસાવેલી સારવાર પધ્ધતિ દ્વારા દર્દીના સાંધા-સ્નાયુઓ-મણકાઓની સ્થિતિનું ગહન પરીક્ષણ કરીને, દર્દીની પાચનશક્તિ, રોગ પ્રતિકારક વ.નું નીરીક્ષણ કરીને, દરેક દર્દીની પ્રકૃતિ પ્રમાણે દવાઓ તૈયાર કરવામાં આવે છે, જે FDA (મહારાષ્ટ્ર) દ્વારા પ્રમાણિત છે. ટેબની દવાઓમાં કોઈપણ પ્રકારના ધાત્વિક સંયોજનો કે પ્રાણીજન્ય ઉત્પાદનો વાપરવામાં આવતાં નથી. આથી શુધ્ધ શાકાહારી દર્દીઓ પણ તે વાપરી શકે છે. દર્દીના સાંધા-સ્નાયુ-લિગામેન્ટ્સ ડેમેજ થયા હોય તો તેને રિપેર અને રિજનરેટ કરવામાં આવે છે. ડાયાબિટિસ, બાયપાસ સર્જરી વ. પછી ચાલવાનું, ફિઝિકલી એક્ટિવ રહેવું ખુબ જ જરૂરી છે. પણ દુઃખાવા ને કારણે બિલકુલ ચાલી શકાતું નથી આથી તકલીફો વધતી જાય છે. ટેબની સારવારથી ત્રણે દોષોનું સંતુલન થવાથી દર્દી પૂર્ણરૂપથી સ્વાસ્થ્યનો અનુભવ કરે છે અને ૨-૩ કી.મી. ચાલી શકે છે, પલાંઠી વાળી શકે છે, જમીન પર બેસી શકે છે, ઉભડક બેસી શકે છે અને દાદર ચડી-ઊતરી શકે છે. દર્દી પોતાનું કામ પોતે જાતે સ્વતંત્રપણે કરી શકે.

સરથાણામાં લોનના હપ્તા નહીં ભરી શકતા વૃદ્ધનો ઝેર પી આપઘાત

સુરતઃ સરથાણામાં લોનના હપ્તા નહીં ભરી શકતા વૃદ્ધે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના વતની રામજીભાઈ ભગવાનભાઈ પવાસીયા (59 વર્ષ) હાલ સરથાણા વ્રજભૂમિ ટાઉનશીપ ખાતે આવેલા મધુવન એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહેતા હતા અને લુમ્સ ખાતામાં નોકરી કરતા હતા. રામજીભાઈ હાલમાં ત્રણેક મહિનાથી કોઈ કામધંધો કરતા ન હતા. ગત 4 એપ્રિલના રાત્રે રામજીભાઈએ ઘરમાં ઝેર પી લીધું હતું. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન કાલે રાત્રે તેમનું મોત નિપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં, રામજીભાઈએ લોન લીધી હતી. જેના હપ્તા સમયસર નહીં ભરાતા ટેન્શનમાં આવી આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

GTUના વિદ્યાર્થીઓએ સમાજસેવા પણ કરવી પડશે!

સોશિયલ ઇન્ટર્નશિપ ફરજિયાત, NEP 2020ના અમલમાં ઐતિહાસિક પગલું

સુરતઃ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) એ રાજ્યની તમામ એન્જિનિયરિંગ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને અસરકારક પરિપત્ર જાહેર કર્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના અમલીકરણને વેગ આપતા યુનિવર્સિટીની ૫૬મી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા ઠરાવ મુજબ હવે તમામ બ્રાન્ચના વિદ્યાર્થીઓ માટે 'સોશિયલ ઈન્ટર્નશિપ' ફરજિયાત બનાવવામાં આવી છે.

આ નવી વ્યવસ્થા અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૪ પૂર્ણ કર્યા બાદ અને સેમેસ્ટર-૫ શરૂ થાય તે પહેલાંના વેકેશન દરમિયાન આ ઈન્ટર્નશિપ પૂર્ણ કરવાની રહેશે. આ ઈન્ટર્નશિપ કુલ ૨ ક્રેડિટની હશે અને વિદ્યાર્થીના અંતિમ પરિણામમાં તેના ગુણોની ગણતરી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે પુસ્કિયા જ્ઞાન સાથે સાથે પ્રેક્ટીકલ જ્ઞાન આપવા માટે આ નિર્ણય લેવાયો છે.

શું કરવું પડશે વિદ્યાર્થીઓને?

વિદ્યાર્થીઓએ NGO, સરકારી કચેરીઓ, સેવાકીય સંસ્થાઓ કે સમાજલક્ષી પ્રોજેક્ટ્સમાં જોડાઈને સમાજની વાસ્તવિક સમસ્યાઓને સમજવી અને તેના ઉકેલ માટે કામ કરવું પડશે. કાર્ય પૂર્ણ થયા બાદ વિગતવાર રિપોર્ટ અને સર્ટિફિકેટ કોલેજમાં જમા કરાવવાના રહેશે. GTUએ આ માટે ખાસ ફોર્મેટ અને મૂલ્યાંકન વ્યવસ્થા તૈયાર કરી છે.

ગુજકેટ : કેમેસ્ટ્રીની આન્સર કીમાં સુધારો

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ગુજકેટની પરીક્ષાના ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, અને જીવ વિજ્ઞાન વિષયના પ્રશ્નો પત્રોની આન્સર કીમાં ગણિત, ભૌતિક વિજ્ઞાન, અને જીવ વિજ્ઞાન વિષયની આન્સર કી કોઈપણ ફેરફાર થતો નથી. તેથી તે વિષયની પ્રોવિઝનલ આન્સર કી, ફાઇનલ આન્સર કી તરીકે રહેશે જ્યારે રસાયણ વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર સેટ નંબર એક થી 20માં એક જ પ્રશ્નના જવાબમાં સુધારો થતા પ્રોવિઝનલ આન્સર કી માં થયેલા ફેરફાર સાથે માત્ર રસાયણ વિજ્ઞાનની ફાઈનલ આન્સર કી આ સાથે જાહેર કરવામાં આવી છે.

बैंक ऑफ इंडिया Bank of India BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડીયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની સ્ટાર મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને રૂલ ૬(૨) સાથે વંચાણે લઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિક્યોર્ડ ક્રેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ-હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

ઈ-હરાજીની તા.૦૮.૦૫.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્ષ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન (કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ સ્થનાત્મક)	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ અને ડીમાન્ડ નોટીસ ની તરીખ	ન્યુનતમ અનામત કિંમત / ઈએમડી	શાખા હેડ નો સંપર્ક નંબર
૧	બોમ્બે માર્કેટ મેહુલ કુમાર કેશુભાઈ વિરાણી સુજનીકુમાર ગંડુભાઈ સાંગાણી	સ્થાયી મિલકત : ફ્લેટ નં. ૫૦૨, બિલ્ડીંગ નં. સી/૦૨, ૫મો માળ, ઓમ રેસીડન્સી, રજવાડી પાર્ટી પ્લોટ ની સામે, ન્યુ કોસાડ રોડ, તા. સુરત – કોસાડ– ૩૯૪૧૦૭ એરીયા ૪૨.૧૯ ચો.મી પ્રત્યક્ષ કબજો	અ) ૦૪.૦૯.૨૦૧૯ બ) રૂા. ૧૦,૦૮,૭૪૪.૦૭ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	રૂા.૭,૮૮,૦૦૦/– રૂા.૭૮,૮૦૦/–	૯૦૩૪૮૪૬૭૦૪
૨	નવસારી સુશીલકુમાર પાંડે બ્રિજ બિહારી પાંડે રીશુ કુમારી	સ્થાયી મિલકત : રહેણાંકનું રો હાઉસ કે જે પ્લોટ નં. ૨૭+ ૨૮+ ૨૯ બંગ્લોક નં. ૭, ગાયત્રી મંદિર નજીક, બંદર રોડ જી.નવસારી, પીન– ૩૯૬૪૪૫ એરીયા ૧૦૪.૦૮ ચો.મી પ્રત્યક્ષ કબજો	અ) ૦૧.૦૮.૨૦૨૩ બ) રૂા. ૧૮,૦૮,૩૪૨.૧૭ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	રૂા.૨૬,૦૦,૦૦૦/– રૂા.૨૬,૦૦૦/–	૯૬૯૫૭૫૯૬૯૫
૩	નવસારી જ્યોતિબેન ગોપાલભાઈ પ્રજાપતી ગોપાલભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતી	સ્થાયી મિલકત : ફ્લેટ નં. એ–૨૦૩, બીજો માળ પ્રભાકુંજ પનાઈશા 'એ' વિંગ, વિજય દર્શન રેસીડનસી નજીક, સ્ટેશન–એરૂ રોડ, વિજલપોર, જી. નવસારી, પીન – ૩૯૬૪૫૦ એરીયા ૬૩૫ ચો.ફુટ પ્રત્યક્ષ કબજો	અ) ૨૦.૧૨.૨૦૨૪ બ) રૂા. ૧૧,૫૯,૩૫૫.૨૩ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	રૂા.૧૪,૦૫,૦૦૦/– રૂા. ૧,૪૦,૫૦૦/–	૯૬૯૫૭૫૯૬૯૫
૪	પાલોદ કેસીઆર બબ્લુ સોનુ શર્મા અને અમોલા દેવી બબ્લુ શર્મા	સ્થાયી મિલકત : મોજે ગામ. હલધરૂ, રે.સ.નં. ૩૫૨, જૂનો બ્લોક નં. ૪૪૬, ન્યુ બ્લોક નં. ૪૯૭/એ, 'શુભમ્ રેસીડન્સી' પ્લોટ નં. ૨૦૨, વાસ્તુ રેસીડન્સી સામે, વી.કે. રેસીડન્સી ની બાજુમાં હલધરૂ– ૩૯૪૩૧૦ એરીયા ૪૦.૧૩ ચો.મી પ્રત્યક્ષ કબજો	અ) ૨૭.૦૯.૨૦૨૪ બ) રૂા. ૬,૬૬,૧૦૧.૫૯ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	રૂા.૭,૫૦,૦૦૦/– રૂા. ૭૫,૦૦૦/–	૯૯૫૩૨૪૧૦૮૧
૫	રામપુરા શ્રી વાનખેડે અજય	સ્થાયી મિલકત : પ્લોટ નં. ૧૫૭, રાહી લકઝુરીયા, ઓમ લેક ટાઉન ની પાછળ, ધામદોડ રોડ, તા. પલસાણા, ટુંડી– ૩૯૪૩૧૦ એરીયા ૪૫.૭૧ ચો.મી સાંકેતીક કબજો	અ) ૨૭.૧૦.૨૦૨૫ બ) રૂા. ૧૫,૯૪,૭૬૧.૦૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	રૂા.૧૪,૦૦,૦૦૦/– રૂા.૧,૪૦,૦૦૦/–	૯૯૬૭૮૬૨૭૯૭

ઈ-હરાજીની તા.૨૬.૦૫.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્ષ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

અ. નં.	શાખાનું નામ / દેવાદાર	મિલકતનું વર્ણન	અ) / બ)	અનામત કિંમત / ઈએમડી	સંપર્ક નંબર
૬	ભટાર રોડ સુનંદા સંજય પાટીલ ગણેશ સંજય પાટીલ કિરણ સંજય પાટીલ	સ્થાયી મિલકત : પ્લોટ નં. ૬૬, ગોકુલધામ વિલા, અનુરાગ રો હાઉસ નજીક, સાનવી વેલ્સ પ્રા.લિ. સામે, તાતીથૈયા ગામ રોડ, તા. પલસાણા, જી. સુરત –૩૯૪૩૦૫ એરીયા ૪૦.૧૩ ચો.મી પ્રત્યક્ષ કબજો	અ) ૧૬.૧૧.૨૦૨૪ બ) રૂા. ૯,૦૫,૪૩૧.૬૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	રૂા.૭,૧૫,૦૦૦/– રૂા.૭૧,૫૦૦/–	૯૪૩૧૪૯૨૯૫૦
૭	સુરત મેઈન રમેશભાઈ કેશુભાઈ બોરાડ મુકેશભાઈ કેશુભાઈ બોરાડ જીગ્નેશ કાંતીભાઈ બરવાલીયા (જામીનદાર)	સ્થાયી મિલકત : પ્લોટ નં. ૨૧૨, શ્રી શુભ રેસીડન્સી, વન્ડર ગામ નજીક, વાવ –જોખા રોડ, જોખા, તા. કામરેજ, જી. સુરત, પીન –૩૯૪૩૨૬ એરીયા ૮૮.૦૧ ચો.મી પ્રત્યક્ષ કબજો	અ) ૦૯.૦૮.૨૦૧૮ બ) રૂા. ૨૨,૭૭,૮૬૭.૦૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	રૂા.૧૦,૮૦,૦૦૦/– રૂા.૧,૦૮,૦૦૦/–	૯૬૮૭૬૧૭૮૧૦
૮	સુરત મેઈન મીલનકુમાર કાંતીલાલ ગજેરા રવીન કાંતીલાલ ગજેરા રશીકભાઈ એન ગજેરા (જામીનદાર)	સ્થાયી મિલકત : પ્લોટ નં. ૭૧, શ્રી શુભ રેસીડન્સી, વન્ડર ગામ નજીક, વાવ –જોખા રોડ, જોખા, તા. કામરેજ, જી. સુરત, પીન –૩૯૪૩૨૬ એરીયા ૬૬.૮૬ ચો.મી પ્રત્યક્ષ કબજો	અ) ૦૫.૧૨.૨૦૧૮ બ) રૂા. ૨૮,૧૭,૫૯૪.૦૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	રૂા.૬,૨૦,૦૦૦/– રૂા.૬૨,૦૦૦/–	૯૬૮૭૬૧૭૮૧૦
૯	સુરત મેઈન જયંતીભાઈ ઉકાભાઈ ભેસાણીયા ભેસાણીયા રમીલાબેન જયંતીભાઈ	સ્થાયી મિલકત : પ્લોટ નં. ૬૯, મેપ્લે વિલા કો.ઓ. હાઉસીંગ સોસાયટી, એમ.ડી રેસીડન્સી ની બાજુમાં, રંગોલી ચોકડી –કઠોર રોડ, તા. કામરેજ, જી. સુરત, –૩૯૪૨૧૦ એરીયા ૮૫.૫૮ ચો.મી પ્રત્યક્ષ કબજો	અ) ૧૮.૧૦.૨૦૨૪ બ) રૂા. ૩૪,૧૬,૦૧૬.૧૮ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	રૂા.૩૦,૨૫,૦૦૦/– રૂા.૩,૦૨,૫૦૦/–	૯૬૮૭૬૧૭૮૧૦

હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. બીડ કરતા પહેલાં **તે પહેલા કામકાજના દિવસો દરમ્યાન** ઈએમડી એનઈએફટી અથવા ફંડ ટ્રાન્સફરથી હરાજી ની પ્રક્રિયા સુધી જમા કરી શકાશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (એ) https://www.bankofindia.bank.in ની મુલાકાત લેવી. (બી) અમારી ઈ–હરાજી સેવા આપનારી વેબસાઈટ https://baanknet.com અને https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. **સ્ટેપ ૧ :** બીડર/ખરીદનાર નોંધણી : ઈ–ઓકશન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. **સ્ટેપ ૨ :** કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ–હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). **સ્ટેપ ૩ :** બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ–હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ–હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે. **સ્ટેપ ૪ :** બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ–હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ–હરાજીની તારીખ પહેલા **સ્ટેપ ૧, ૨ અને ૩** સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અધિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ–હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધીત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજા સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ ક્રેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. (૪) **અનું નં. ૧ થી ૫ માટે નિરીક્ષણ ની તા. ૦૧.૦૫.૨૦૨૬ અને અનું નં. ૬ થી ૯ માટે નિરીક્ષણ ની તા. ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સબમીટ કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી **રૂા.૧૦૦૦૦/– (રૂા.દસ હજાર)** ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અધિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યા બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસુર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસુરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી / બેંક કે ઈ–હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ–હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડ્યુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી લેણાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ–હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફક્ત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસ્સેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૬) સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના કરજદાર / જામીનદાર / ગીરવેદાર ને **અનું નં. ૧ થી ૫ માટે ૧૫ દિવસ અને અનું નં. ૬ થી ૯ માટે ૩૦ દિવસ ની નોટીસ** દ્વારા ઉપરોકત તારીખે રાખેલ હરાજીની જાણ કરવામાં આવેલ છે.

SCAN HERE For More Detaile Terms & Conditions

તા.૧૧.૦૪.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડીયા

અનુસંધાન... પાના છેલ્લાનું

ભાજપના 116...

માટે ઉમેદવારોની પસંદગીમાં ભાજપ પાર્લામેન્ટરીની બેઠકમાં ભારે ખેંચતાણ ચાલી હતી અને સવારે આવે કે સાંજે યાદી આવે તેની જ ચર્ચાઓ ચાલી હતી. આખરે રાત્રે 10 વાગ્યે ભાજપ દ્વારા પોતાની ઉમેદવારોની જાહેરાતો કરવામાં આવી હતી પરંતુ તેમાં પણ વોર્ડ નં.4ની જાહેરાત હજુ કરવામાં આવી નથી.ભાજપ દ્વારા જાહેર થયેલા 116 ઉમેદવારોમાં 39 કોર્પોરેટરોને રિપીટ કરવામાં આવ્યા છે. જ્યારે 78 પૂર્વ કોર્પોરેટરોને પડતા મુકવામાં આવ્યા છે. વોર્ડ નં.26માં ભાજપે તમામ કોર્પોરેટરોને રિપીટ કર્યા છે. સાથે સાથે પૂર્વ મેયર અને પૂર્વ સ્થાયી સમિતી ચેરમેન રાજન પટેલને ફરીથી મહાપાલિકાની ટિકીટ આપી છે. જ્યારે અનેક મોટા માથાઓને આ વખતે ટિકીટમાંથી કાપી નાખવામાં આવ્યા છે. જેમાં પૂર્વ મેયર હેમાલી બોઘાવાલા, પૂર્વ શાસક પક્ષના નેતા શશી ત્રિપાઠી, પૂર્વ ડે.મેયર દિનેશ જોધાણી, પૂર્વ દંડક અને ભૂતકાળમાં અનેક વિવાદમાં આવેલા ધર્મેશ વાણીયાવાળા, ધારાસભ્ય વિનુ મોરડીયાના ખાસ મનાતા ચીમન પટેલ, ગટર સમિતીના ચેરમેન કેયુર ચપટવાલા, રેશ્મા લાપસીવાળા, તાજેતરમાં સ્કૂલની જગ્યાના વિવાદમાં અનેક રજૂઆતો કરનાર નરેન્દ્ર પાંડવ, જીતુ કાછડ, વિજય ચૌમાલ, દિપેન દેસાઈની ટિકીટ પણ આ વખતે ભાજપે કાપી નાખી છે.

તાપમાનમાં એક...

ગયું હતું. જોકે, લઘુત્તમ તાપમાનમાં ઘટાડા છતાં દિવસ દરમિયાન વધેલી ગરમીના કારણે કોઈ ખાસ રાહત મળી નહોતી. હવામાં ભેજનું પ્રમાણ ઘટીને ૩૨ ટકા થયું હતું, જેના કારણે ઉકળાટમાં વધારો અનુભવાયો હતો. આ સાથે ૮ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાયો હતો, પરંતુ તે પણ ગરમીમાંથી રાહત આપવામાં નિષ્ફળ રહ્યો હતો. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ તાપમાનમાં વધારો ચાલુ રહેવાની શક્યતા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તબીબો દ્વારા ખાસ કરીને બપોરના સમયમાં બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા અને ગરમીથી બચવા જરૂરી તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

KFC, Burger...

પનીર વપરાતું હતું. આ સાથે જ ઘણા રસોડાંમાં ગંદકીના દ્રશ્યો જોઈ અધિકારીઓ પણ ચોંકી ગયા હતા

ફૂડ વિભાગે તમામ હોટલ સંચાલકોને સખત સૂચના આપી છે કે તેઓએ હોટલમાં સ્પષ્ટ રીતે મોટા અક્ષરે બોર્ડ લગાવવા પડશે કે અસલી પનીર કે એનાલોગ વપરાય છે. આ માટે 10 એપ્રિલ 2026 સુધીની મુદત આપવામાં આવી છેાજો કોઈ હોટલ આ નિયમનું પાલન નહીં કરે અથવા ગ્રાહકોને ગેરમાર્ગે દોરશે તો ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ 10 લાખ રૂપિયા સુધીનો દંડ અને જેલ સજા પણ થઈ શકે છે. આ કાર્યવાહી બાદ શહેરના હોટલ સંચાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છેા

સુરત મનપા...

તૈયારી કરી રહ્યા છે. બીજી તરફ સુરત જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકો માટે આજે ૨૬ ફોર્મ ભરાયા હતા. જેમાં કોંગ્રેસ (આઈએનસી) ના ૧૬ ઉમેદવારો આગળ રહ્યા છે, જ્યારે આમ આદમી પાર્ટીના ૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. એક અપક્ષ ઉમેદવારે પણ પોતાની ઉમેદવારી નોંધાવી છે. જિલ્લા સ્તરે પણ સ્પર્ધા તીવ્ર બનવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

કૂતરાઓએ બચકાં...

પરીક્ષા આપવા માટે નીકળ્યો હતો. ઉનપાટિયા કાલી પીચ મેદાન પાસે તેની ઉપર એકએક બે જેટલા રખડતા કુતરા તેની પર તૂટી પડ્યા હતા. જેથી તેના જમણા પગમાં બચકાં ભરી લીધા હતા. તેમ છતાં તે હિંમત કરીને પરીક્ષા આપવા શાળાએ ગયો હતો. જેની જાણ થતાં શિક્ષિકાએ પિતાને જાણ કરતાં પિતા તેને સારવાર માટે હેલ્થ સેન્ટર લઈ ગયા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે સિવિલમાં લઈ આવ્યા હતાં.

પ્રોજેક્ટની મલાઈ...

ધ્યાન આપવામાં આવ્યું નહીં અને સરવાળે કરોડોના આંધણ બાદ ભ્રષ્ટાચારીઓના ઘર ભરાયા પરંતુ સુરતવાસીઓને સારા પ્રોજેક્ટ મળી શક્યા નહીં. જેને આઈકોનિક તરીકે ગણાવાયા હતા તેવા સુરતના પ્રોજેક્ટોમાં મરિન એક્વેરિયમ, ભેસ્તાન ખાતેનો નવીન ફ્લોરિન ગાર્ડન, ઉગત ખાતેનો બોટનિકલ ગાર્ડન અને ડિંડોલીના ફ્લોરલ ગાર્ડનનો સમાવેશ થાય છે. ડીંડોલીના ફ્લોરલ ગાર્ડનને તો સુરતની ફ્લાવર વેલી તરીકે ઓળખાવવામાં આવ્યું હતું અને મરિન એક્વેરિયમને એશિયાનું એવું એક્વેરિયમ ગણાવવામાં આવ્યું હતું કે, મતદારો પાસે આ સમય છે કે તેઓ મત લેવા માટે આવતા નેતાઓને સવાલ કરી શકે છે કે, પાંચ વર્ષ કર્યું શું? શા માટે આ આઈકોનિક પ્રોજેક્ટને ખંડેર જેવા બનવા દેવાયા?

આપમાં ભારે...

ઉઠાવી રાજીનામા ધરી દીધા છે. બીજી તરફ, ઉમેદવારોની પસંદગીમાં થયેલા વિરોધને પગલે આમ આદમી પાર્ટીને પોતાની બીજી યાદીમાં પણ છેલ્લી ઘડીએ સુધારા કરવાની ફરજ પડી છે. કાર્યકરો અને સ્થાનિક અગ્રણીઓના ઉગ્ર વિરોધ બાદ પાર્ટીએ વોર્ડ નંબર 4 માં સેજલ માલવિયાના સ્થાને કુંદન કોઠિયાને ટિકિટ આપી છે. તેવી જ રીતે, વોર્ડ નંબર 13 માં પણ મોટો ફેરફાર જોવા મળ્યો છે, જ્યાં જતીન જરીવાલાની ટિકિટ કાપીને સુશાંત કાપડિયાના નામની જાહેરાત કરવામાં આવી છે.

કોંગ્રેસે 25...

ઉપરાંત પણ ઘણા ઉમેદવારો દ્વારા શહેર કોંગ્રેસ તરફથી મળેલી ટેલિફોનીક સૂચનાને કારણે ફોર્મ ભરવાનું શરૂ કરી દીધું છે. શહેર કોંગ્રેસ દ્વારા કોઈપણ ઉમેદવારને સીધો મેન્ડેટ આપવાને બદલે જે તે વોર્ડના ચૂંટણી અધિકારી સમક્ષ તે વોર્ડના કોંગ્રેસના ઉમેદવારોનો મેન્ડેટ સીધા જમા કરાવવામાં આવશે. ભૂતકાળમાં કોંગ્રેસના મેન્ડેટ ગાયબ થઈ ગયા હોવાથી કોંગ્રેસના કેટલાક ઉમેદવારોના ફોર્મ રદ થયા હતા. જે વખતે આપનું અસ્તિત્વ ન હોવાથી ભાજપ બિનહરીફ આ બેઠકો પર વિજેતા બન્યું હતું. કદાચ બિનહરીફ જાહેર થયેલી બેઠકો પર કોંગ્રેસ લડ્યું હોત તો તે વખતે સુરત મનપામાં કોંગ્રેસનું વોર્ડ પણ બની શક્યું હોત. તેવી સ્થિતિ ઊભી થઈ હતી. પરિણામે હવે શહેર કોંગ્રેસ દ્વારા ઉમેદવારોને ટેલિફોનિક જાણ કરી ફોર્મ ભરવાની સૂચના ઉપરાંત સીધા જે તે વોર્ડના ચૂંટણી અધિકારીને સીધા પેનલના ઉમેદવારોના મેન્ડેટ જમા કરાવવામાં આવી રહ્યા છે.